Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016




દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in




વર્ષ : ૨૧ ● અંક : ૩૫ ● સળંગ અંક : ૧૦૭૩ ● પ્રકાશિત તા-૩-૭-૨૦૨૫,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## કેન્દ્ર સરકારે ત્રણ મોટી યોજનાઓને મંજૂરી આપી

# પહેલી નોકરી મેળવનારના ખાતામાં જમા થશે પૈસા

નવીદિલ્હી : કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે (પહેલી જુલાઈ) યુવાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી અનેક મોટી યોજનાઓને મંજૂરી આપી હતી.કેન્દ્રીય મંત્રીમંડળે રોજગાર પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે, જેનો લાભ બે તબક્કામાં મળશે. પહેલા તબક્કામાં, પહેલી વાર રોજગાર મેળવનારા કર્મચારીઓને બે હપ્તામાં મહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આ હપ્તો નોકરી મળ્યાના છઠ્ઠા અને ૧૨મા મહિનામાં આપવામાં આવશે. વળી, બીજા તબક્કામાં દર મહિને ૩૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આખી યોજના ઉત્પાદન ક્ષેત્રમાં રોજગારને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'સરકાર આ યોજનામાં કુલ ૧.૦૭ લાખ કરોડ રૂપિયા ખર્ચશે.'રોજગાર પ્રોત્સાહન યોજનાનો હેતુ રોજગાર સર્જન, રોજગારની સંભાવનામાં વધારો અને તમામ ક્ષેત્રોમાં સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે. જેમાં, ઉત્પાદન ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યોજનાથી બે વર્ષમાં દેશમાં ૩.૫ કરોડથી વધુ નોકરીઓના સર્જનને પ્રોત્સાહન આપવામાં આવશે છે. આ ઉપરાંત પહેલીવાર નોકરી મેળવનારા કર્મચારીઓને પણ પ્રોત્સાહન આપશે.'પહેલીવાર નોકરી કરનારા વધારાના કર્મચારીઓને બે વર્ષ સુધી ૩૦૦૦ રૂપિયા દર મહિને પ્રોત્સાહન આપવામાં આવશે. નોકરીદાતાઓને એક લાખ રૂપિયા સુધીના વેતનવાળા કર્મચારીઓના સંબંધમાં પ્રોત્સાહન આપવામાં આવશે. ઉત્પાદન ક્ષેત્ર માટે નોકરીદાતાઓને આપવામાં આવતા પ્રોત્સાહનો ત્રીજા અને ચોથા વર્ષ માટે પણ લંબાવી શકાય છે.કેન્દ્રીય મંત્રીમંડળે કુલ ચાર મુખ્ય યોજનાઓને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે સમગ્ર 'ખેલો ઈન્ડિયા નીતિ'ને મંજૂરી આપી છે. ૧૯૪૮માં પહેલીવાર રાષ્ટ્રીય રમત નીતિ લાગુ કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૦૧માં નવી સ્પોર્ટ્સ પોલિસી જાહેર કરવામાં આવી છે. હવે કેન્દ્ર સરકાર ખેલો ભારત નીતિ ૨૦૨૫ લાગુ કરશે. જે હેઠળ યુવાનોને રમત માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'અમારો હેતુ રમતના મામલે દુનિયાના ટૉપ ૫ દેશમાં ભારતને સામેલ કરવાનો છે.'કેન્દ્રીય મંત્રીમંડળે સંશોધન, વિકાસ અને નવીનતા યોજનાને મંજૂરી આપી છે. સરકાર આ યોજનામાં ૧ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે. જે હેઠળ યુવાનોને સંશોધન અને નવીનતા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ઉપરાંત, મંત્રીમંડળે તમિલનાડુમાં ૧,૮૫૩ કરોડ રૂપિયાના ખર્ચે ૪-લેન પરમાકુડી-રામનાથપુરમ સેક્શન (૪૬.૭ કિમી) ના નિર્માણને મંજૂરી આપી છે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**










**જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪**

## મ્યુ કોર્પોરેશને જાહેર શૌચાલયના અવારનવાર વિવાદો ટાળવા

# જાહેર રોડ યુરિનલની જગ્યાએ જાહેર યુટિલિટી સેન્ટર બનાવવા જોઈએ..!!

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : અમદાવાદ શહેરમાં અવારનવાર જાહેરમાં આવેલ યુરિનલ કે શૌચાલય ખાનગી વ્યક્તિ, દુકાનદાર કે બિલ્ડર દ્વારા દોડી નાખવાના બનાવો અંગે મ્યુ કોર્પોરેશને આ અંગે નવી દિશા સાથે વિકાસની આંખે વિચારવું જોઈએ, શહેરમાં જાહેર રોડ પર અમદાવાદમાં જાહેર રોડ પર યુરિનલની જગ્યાએ ખાસ ડિઝાઈન કરેલ જાહેર યુટિલિટી સેન્ટર બનાવવા જોઈએ.

તાજેતરમાં નારણપુરાના શાસ્ત્રીનગર પાસે આવેલ ચાર રસ્તા પર આવેલ શોચાલય તોડી નખાતા વિવાદ ઉભો થયો છે, જેમાં દુકાનદારોની વાત અસ્થાને નથી, કારણ કે જયાં મુખ્યત્વે ખાણીપીણીનું સેન્ટર હોવાને કારણે છેક ફુટપાથ અને રોડ સુધી બેસતા હોય છે, જેના કારણે દુકાનના બોર્ડ ઢંકાય છે ઉપરાંત ગ્રાહકોને નડતરરૂપ બની રહે છે, જો કે બીજી તરફ આવી રીતે જાતે તોડી નાખવું કે દુર કરવું પણ એટલું જ અસ્થાને હોવાનું જાણકારો માની રહ્યા છે.

એક જાગૃત નાગરિકના જણાવ્યા મુજબ, પશ્ચિમનું આંધળુ અનુકરણ કરતા આપણે સૌ આ બાબતે પશ્ચિમના દેશોની જેમ સ્વસ્છતા અને આરોગ્યને ધ્યાને રાખી આધુનિત ડિઝાઈન કરેલ યુટિલિટી સેન્ટર બનાવવા જોઈએ, જેમાં સ્વચ્છ શૌચાલય કે યુરિનલ, પાણની સુવિધા અને સેનિટાઈઝેશનની વ્યવસ્થા ઉભી કરવાથી જાહેર આરોગ્ય સુધરી શકે છે.જેમાં નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય.

વધુ સુવિધાઓ: યુટિલિટી સેન્ટરમાં શૌચાલય ઉપરાંત બેસવાની જગ્યા, પીવાનું પાણી, ચાર્જિંગ પોઈન્ટ, Wi-Fi, અથવા માહિતી કેન્દ્ર જેવી સુવિધાઓ ઉમેરી શકાય, જે લોકો માટે ઉપયોગી બને.

સૌંદર્યલક્ષી દેખાવ: આકર્ષક અને આધુનિક ડિઝાઇન શહેરની સુંદરતા વધારે છે અને જાહેર સ્થળોનો દેખાવ સુધારે છે.

સુરક્ષા અને આરામ: મહિલાઓ, બાળકો અને વૃદ્ધો માટે સુરક્ષિત અને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે, જેમાં CCTV અને લાઇટિંગની વ્યવસ્થા હોય.

પર્યાવરણીય લાભ: ઈકો-ફ્રેન્ડલી ડિઝાઇન, જેમ કે સોલર પેનલ, રેઈનવોટર હાર્વેસ્ટિંગ, અથવા બાયો-ટોઇલેટ, પર્યાવરણનું રક્ષણ કરી શકે.

આર્થિક લાભ: આવા સેન્ટર્સનું સંચાલન ખાનગી ભાગીદારી (PPP મોડેલ) દ્વારા થઈ શકે, જે સરકારનો ખર્ચ ઘટાડે અને આવકનું સાધન બની શકે.

નુકસાન:ઊંચો ખર્ચ: આધુનિક યુટિલિટી સેન્ટર બનાવવા અને જાળવવાનો ખર્ચ પરંપરાગત યુરિનલ કરતાં ઘણો વધારે હોય.

જાળવણીની સમસ્યા: નિયમિત સફાઈ, રિપેર અને સુવિધાઓની જાળવણી માટે સતત નાણાં અને માનવબળની જરૂર પડે, જેમાં બેદરકારીથી સેન્ટરની સ્થિતિ બગડી શકે.

જગ્યાની મર્યાદા: અમદાવાદ જેવા ગીચ શહેરમાં જાહેર રોડ પર પૂરતી જગ્યા ફાળવવી મુશ્કેલ હોય શકે, જેનાથી ટ્રાફિક અથવા ફૂટપાથની સમસ્યા વધે.

દુરુપયોગની શક્યતા: આવા સેન્ટરનો દુરુપયોગ (જેમ કે ગેરકાયદે પ્રવૃત્તિઓ, નુકસાન) થઈ શકે, જેના માટે સતત દેખરેખની જરૂર પડે.

સામાજિક પ્રતિકાર: કેટલાક લોકો આધુનિક સુવિધાઓનો ઉપયોગ કરવામાં અચકાય અથવા તેની આદત ન પડે, જેનાથી સેન્ટરનો ઉપયોગ ઓછો થઈ શકે.

આર્થિક બોજ: જો ઉપયોગ માટે ફી લેવામાં આવે, તો ગરીબ વર્ગ માટે આ સુવિધાઓ પોસાય તેમ ન હોય.

નિષ્કર્ષ:જાહેર યુટિલિટી સેન્ટર શહેરની સ્વચ્છતા, સૌંદર્ય અને લોકોની સુવિધામાં વધારો કરી શકે, પરંતુ તેના માટે યોગ્ય આયોજન, નાણાં, અને જાળવણીની વ્યવસ્થા જરૂરી છે. અમદાવાદ જેવા શહેરમાં આવા પ્રોજેક્ટને સફળ બનાવવા માટે સ્થાનિક લોકોની જરૂરિયાતો અને બજેટનું ધ્યાન રાખવું જરૂરી છે.

### હાઈના સભ્ય સંદિપ ત્રિવેદીએ શું જણાવ્યું જાણો..?

અમદાવાદ : નારણપુરાના અગ્રણી અને હાઉસિંગ એપાર્ટમેન્ટ રીડેવલપમેન્ટ ફેડરેશનના સભ્ય સંદિપ ત્રિવેદીએ સમગ્ર મામલે જણાવ્યું હતું કે કોર્પોરેશન દ્વારા પબ્લિક સુવિધા ભાગ રૂપે યોગ્ય ડિઝાઈન કરી જાહેર યુટિલિટી સેન્ટર બનાવવા જોઈએ. જ્યાં પબ્લિક અવર જવર વધુ રહેતી હોય કે ખાણી પીણી બજારો હોય તેવા વિસ્તારમાં ખાસ લોકોને સગવડ મળી રહે માટે તેવા કોમ્પલેક્સ માં ફરજિયાત યુટિલિટી સેન્ટર હોવા જોઈએ.જેમાં રોડ બાજુથી યુટિલિટી સેન્ટરમાં અવર જવર હોવી જોઈએ અને સ્વછતા પૂર્ણ રીતે જળવાય તેવું પ્લાનિંગ હોવું જોઈએ. જો આસપાસમાં કોઈ બ્રિજ હોય તો તેની નીચે આવા પ્લાનિંગ સારી રીતે ગોઠવાઈ શકે છે....

### શાસ્ત્રીનગરમાં નડતરરૂપ જાહેર શૌચાલય વેપારીઓએ તોડી પાડ્યું

અમદાવાદ : અમદાવાદના શાસ્ત્રીનગર વિસ્તારના સરદાર પટેલ આવાસ યોજના બહારની દુકાનોના વેપારીઓએ નજીકનું જાહેર શૌચાલય કોઈપણ જાતની મંજુરી વગર તોડી પાડતા વિવાદ ઉભો થયો છે. સરદાર પટેલ આવાસ યોજનાની બહારની દુકાનોમાંથી મોડી રાત સુધી ખાણીપીણી સહિતના બજારો ધમધમે છે. વેપારીઓ માટે શૌચાલયનું સ્થાન નડતરરૂપ જણાતા કોઈ મંજુરી કે મ્યુનિ.ને જાણ કર્યા વગર જ બારોબાર તોડી પડાયુ હોવાની ફરિયાદ ઉઠી છે. આ મુદ્દે મ્યુનિ.એ નોટીસ આપી છે. શાસ્ત્રીનગરમાં હાઉસિંગ બોર્ડ સરદાર પટેલ આવાસ યોજના બનાજવી છે. આ યોજનાના મકાનોની નીચે દુકાનો છે આ દુકાનોમાં મોડી રાત સુધી ખાણીપીણી બજાર ચાલુ રહેતા મોડી રાત સુધી ભીડ રહે છે. અહીં ચાર રસ્તાના કોર્નર પર મ્યુનિ.એ દ્વારા વર્ષો પહેલા જાહેર શૌચાલય બનાવ્યું હતું. આ જાહેર શૌચાલયને કારણે કેટલાક દુકાનના બોર્ડ દેખાતા ન હતા. ઉપરાંત, ફુટપાથની જગ્યા ઓછી થતી હોવાની ફરિયાદો રહેતી હતી. તેથી શૌચાલયને ત્યાંથી દૂર કરવા ફરિયાદો થઈ હતી. આમ જાહેર શૌચાલયને હટાવવાના પ્રયાસો અસફળતા થતા ગુરૂવારે મોડી રાતે ૧૦.૩૦ના સુમારે કેટલાક લોકો જેસીબી મશીન સાથે પહોચી ગયા હતા. તેમણે જાહેર શૌચાલયને તોડી પાડ્યુ હતું. આમ ગુરૂવારે મોડી રાતે શૌચાલય તોડી પાડવામાં આવ્યા બાદ શુક્રવારે રથયાત્રા હોવાથી મ્યુનિ. તંત્ર તેમાં રોકાયેલું રહ્યું હતું. બાદ શનિ અને રવિવારની રજા હોવાથી સળંગ ૩ દિવસની રજાનો લાભ લઈને આ શૌચાલય તોડી પડાયું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આ અંગે સ્થાનિક લોકોનું કહેવુ છે કે, આ શૌચાલય વેપારીઓને નડતરરૂપ હોવાતી તોડી પડાયુ હતું. જો કે આ મુદ્દે રાજકીય અગ્રણીઓએ તંત્રને કડક કાર્યવાહી કરવા અધિકારીઓને સુચના આપી હોવાનું જાણવા મળે છે.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

NIRMAN REALTY
WE BUILD TRUST & RELATIONS
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

## હાઉસિંગ રીડેવલપમેન્ટ બાબતે ટેન્ડરથી લઈને ટ્રાઈ પાર્ટી કરાર દરમ્યાન ઉદ્ભવતા

# સામાન્ય પ્રશ્નોના સમાધાન માટે હાર્ફ દ્વારા હાઉસિંગ બોર્ડને સૂચનો..!!

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : નવા વાડજ, નારણપુરા સહિત સમગ્ર અમદાવાદમાં હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટીઓમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે, અનેક સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયા ડીમોલીશનથી લઈને કન્સ્ટ્રકશન લેવલે પહોંચી છે, છતાંય અનેક સોસાયટીઓમાં પાયાના મુળભૂત એવા પ્રશ્નો રીડેવલપમેન્ટમાં બાધારૂપ બની રહ્યાં છે, જેના કારણે રીડેવલપમેન્ટ માટે રહીશો તૈયાર હોવા છતા પોલીસીની ત્રુટીઓ અને હાઉસિંગ બોર્ડના અધિકારીઓની કાર્યપદ્ધતિ અડચણરૂપ બની રહ્યાં છે.

જેમાં મુખ્યત્વે નેગેટીવ ટેન્ડર અને પોઝિટીવ ટેન્ડર વચ્ચેનો ભેદ, લાભાર્થીના ફ્રન્ટેજ અને ફ્લોર પ્રોટેકશન લાભ, હયાત કાર્પેટ અને વપરાશમાં લેવાતા કાર્પેટ, જુના મકાના માલિકો અને નવા મકાન માલિકોને ફાળવણી, પ્લાન પાસમાં સહી સિક્કા કરતા પહેલા બોર્ડ અધિકારીદ્વારા ૧૪૦ ટકા કાર્પેટની ખરાઈ સહિતના અનેક મુદ્દે હાઉસિંગ રીડેવલપમેન્ટ ખોરંભાય છે, જે બાબતો છણાવટ થાય તો રીડેવલપમેન્ટ ઝડપી બનશે.ઉપરોક્ત તમામ મુદ્દે હાઉસિંગ એપાર્ટમેન્ટ રીડેવલપમેન્ટ ફેડરેશનના સક્રિય સભ્ય સંદિપ ત્રિવેદી જણાવે છે કે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ટેન્ડરમાં કોઈ બેઝ પ્રાઈસ નક્કી નહીં હોવાથી સારા લોકેશનમાં પણ નેગેટિવ પ્રીમિયમ આવે છે અને સરકારી તિજોરીને નુકશાન મોટા પાયે થાય છે. સ્ટેમ્પ ડ્યુટી ઓછી કરવાની વાત આવે તો સરકારી તિજોરીને નુકશાન થાય તેવું અધિકારીઓ અને રાજકીય આગેવાનો જણાવે છે તો અહીં મોટા પાયે સરકારી તિજોરીને નુકશાન થાય છે તે કેમ કોઈને દેખાતું નથી. નેગેટીવ પ્રીમિયમથી કોર્પોરેશનની સરકારી તિજોરીને આવક ને નુકશાન થાય જ છે. ટેન્ડર એસ્ટીમેટેડ વેલ્યુ, બિડ વેલ્યુ અને ટેન્ડર બિડ જસ્ટીફાય વેલ્યુની કોઈ ગણતરી કે ફોર્મ્યુલા બોર્ડમાં કઈ છે તે માંગણી કરીએ તો તેવી કોઈ ફોર્મ્યુલા કે કોષ્ટક નથી તેવું બોર્ડ અધિકારી જણાવે છે તો આ ગણતરી જસ્ટીફાય કેવી રીતે થાય છે. શું તે મૌખિક થાય છે તો કેમ મૌખિક કરાય છે? રાજ્યની સ્ક્રીનીંગ કમિટીને કંઈક તો લેખિત આપે છે કે ત્યાં પણ મૌખિક! આવી બાબતોમાં કંઈક લોચા હોય અને મોટા ભ્રષ્ટાચાર થવાની શક્યતાઓ ઘણી રહેલી છે.

જેથી પ્રજામાં કોઈ ગેરસમજ ઉભી થાય નહીં માટે બધા જ ટેન્ડર બેઝ પ્રાઈઝ કરી દેવા જોઈએ અને તેથી ઉપર હરિફાઈ કરાવાય કે પછી બધા ટેન્ડર નેગેટીવ જ પાડવા જોઈએ અને પબ્લીકને હાર્ડશિપ કોમ્પેન્સેશન તરીકે સારી એવી રકમ ચેકથી આપવી જોઈએ.

રીડેવલપમેન્ટ બાબતે કેટલાક પ્રશ્નોના સમાધાન માટેના કેટલાક સૂચનો હાર્ફ ના સક્રિય સભ્ય દ્વારા સૂચવેલ છે.

૦.ટેન્ડર પ્રકાશિત કરતા પહેલા જે તે સોસાયટી હયાત કાર્પેટ કેટલો છે તેની ગણતરી કેવી રીતે થાય છે અને કેટલું મળવાપાત્ર છે તે જણાવી એસોસિએશન પાસેથી લેખિત કન્ફર્મ કરવી લેવું.

૧.ગુ. હા.બોર્ડ દ્વારા મહત્તમ ૧૪૦% કાર્પેટ ની સ્પષ્ટ વ્યાખ્યા અને તેમાં વપરાશમાં લેવાતા કાર્પેટમાં શું ગણાશે અને કેવી રીતે કાર્પેટ ગણાશે તેની ચોખવટ કરી દેવી, અને તે અનુસંધાને ફાળવણી પીએચસી કે એફએસસી કોને કરવી તેની સચોટ ચોખવટ કરી દેવી.

૨.પ્લાન પાસમાં સહી સિક્કા કરતા પહેલા મહત્તમ ૧૪૦% કાર્પેટની ખરાઈ કાર્યપાલક ઈજનેર દ્વારા થઈ જવી જોઈએ.

૩.પ્લાન પાસમાં સહી સિક્કા કરતા પહેલા બોર્ડ અધિકારી દ્વારા મહત્તમ ૧૪૦% મર્યાદાવાળા ખરાઈ થયેલ મકાનોમાં જ તમામ સંમત કે અસંમત પી.એચ.સી સભ્યોને મકાન ફાળવાયા છે તેની ખરાઈ થઈ જવી જોઈએ.

૪.ફ્રન્ટેજ અને ફ્લોર પ્રોટેક્શન લાભ લાભાર્થીના જળવાઈ ગયા છે તેની ખરાઈ પ્લાન પાસમાં સહી સિક્કા કરતા પહેલા બોર્ડ અધિકારી દ્વારા થઈ જવી જોઈએ.

૫.ઉપરોક્ત પોઈન્ટ ૧, ૨, ૩ અને ૪ ની ખરાઈ કર્યા બાદ તે બાબતે એક ફિક્સ ફોર્મેટમાં એનેક્ષર બનાવી સોસાયટી સભ્યો પાસેથી તેમાં ફાળવણી મજૂરીની સહી કરાવવી. કુલ સભ્યોમાંથી ૭૫% કે તેથી વધુ સભ્યોના સહી થયેલ આ એનેક્ષર ને જ ટ્રાઇ પાર્ટી એગ્રીમેન્ટનો ભાગ બનાવી દેવો જોઈએ.

જો આ રીતે કાર્ય થાય તો ભવિષ્યમાં કોઈ પણ સોસાયટીમાં ફાળવણી ફેરબદલ કરવાની સમસ્યા આવે જ નહીં.

તેઓએ છેલ્લે આશા વ્યક્ત કરી છે કે ઉપરોક્ત સૂચનો બોર્ડ કચેરીને કોઈ નિશ્ચિત સિસ્ટમ બનાવવામાં મદદરૂપ નીવડશે, જે જનહિતમાં પ્રબળ ઈચ્છાશક્તિને આભારી છે.

# ‘રેરા’માં કેસોની સુનાવણી પ્રક્રિયામાં ધરખમ ફેરફાર: ચલાવવા પાત્ર કેસો જ બેંચ સમક્ષ મુકાશે

ગાંધીનગર : ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી સમક્ષ બિલ્ડરો અને મિલકતો ખરીદનારાઓ વચ્ચેના વિવાદો આવતા હોય છે. આવા વિવાદોના ઉકેલ, નિકાલ તેમજ આદેશ માટે રેરાની કોર્ટ ચાલતી હોય છે. પરંતુ હવે આ કોર્ટનું ભારણ ઘટાડવા, કેસોનો ઝડપી નિકાલ લાવવા અને પક્ષકારો કેસોમાં હાજર ના થતા હોય તેવા સહિતના નિષ્ક્રીય કેસો બાબતે એક આદેશ જારી કરવામાં આવ્યો છે. એવું અહેવાલો જણાવે છે...

તે મુજબ હવે દાખલ થનારા કેસો સીધા જ રેરાની કોર્ટમાં નહિ પરંતુ પહેલા સેક્રટરી દ્વારા ફાઈલીંગ યોગ્ય રીતે થયું છે તેની ચકાસણી કરવામાં આવશે ત્યારબાદ કોર્ટની પ્રાથમિક કામગીરી એટલે નોટીસ જારી કરવી, જવાબો મેળવવા તેમજ દસ્તાવેજો રજૂ કરવાનું કામ એડજ્યુડીકેટીંગ ઓથોરિટી દ્વારા કરવામાં આવશે. જો સમાધાન લાયક કેસ હોય અથવા તો કોઇ પક્ષકાર સમાધાન માટે તેયારી બતાવે તો કેસોનું સમાધાન કરાવવામાં આવશે. ત્યારબાદ ગુણદોષ ઉપર ચલાવવા પાત્ર કેસો હશે તે જ રેરા કોર્ટને મોકલી આપવામાં આવશે. આ નવા નિયમનો અમલ આજરોજ ૧ જુલાઇથી લાગુ થયો છે.

એક અહેવાલ મુજબ, અગાઉ કોઇ કાનુની કેસ કરવો હોય તો પક્ષકાર દ્વારા પિટિશન દાખલ કરવામાં આવે તો અમદાવાદ ઝોન અને અમદાવાદ સિવાયના ઝોન એમ બે ભાગમાં કેસો વહેંચવામાં આવ્યા હતા. બન્ને ઝોન સેક્રેટરી અને એડજયુજીકેટીંગ ઓથોરિટીના અધિકારી વચ્ચે વહેંચવામાં આવ્યા હતા. તેઓ કેસનું ફાઇલીંગ યોગ્ય રીતે થયું છે કે નહી જે ચકાસીને નોટીસ કાઢવી, જવાબો લેવા, જવાબોની સામેને રીજોઇન્જર લેવા તેમજ સબંધિત દસ્તાવેજો લેવાની કામગીરી કરતા હતા. ત્યારબાદ જો કેસને ગુણદોષ ઉપર નક્કી કરવાનો હોય ત્યારે જ બેન્ચ સમક્ષ તમામ તૈયારી સાથે મોકલવામાં આવતો હતો.

પરંતુ હવે ઝોનીંગની પ્રથા દુર કરવામાં આવી છે. કેસોની ફાઇલની ચકાસણી કરવાની કામગીરી કોઇપણ શહેરની હોય તે સેક્રેટરી દ્વારા કરવામા આવશે. જ્યારે પ્રી હીયરીંગની કામગીરી માત્ર એડજ્યુડીકેટીંગ ઓથોરીટી દ્વારા કરવાવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, એડજ્યુડીકેટીંગ ઓથોરિટી તરીકે પૂર્વ જીલ્લા ન્યાયાધીશ પી. આર. પટેલની નિમણૂક કરવામાં આવી છે. આથી હવે તેઓ જ તમામ કેસોની પૂર્વ તૈયારીની કામગીરી સંભાળશે અને આખરે જો સુનાવણીની જરૂરીયાત ઉપસ્થિત થાય તો જ બેન્ચ સમક્ષ મુકવામાં આવશે.

એક અહેવાલ મુજબ, અત્યારે કેસોનો નિકાલ થવામાં બે વર્ષ જેટલો સરેરાશ સમય જાય છે તે ઘટાડીને આઠ મહિનાની અંદર જ કેસોનો નિકાલ આવે તેવી વ્યવસ્થા કરવાનો ધ્યેય છે. હવે જો પહેલેથી જ કેસોની ચકાસણી અને પક્ષકારોના જવાબ લઇ લેવામાં આવે તો અમુક કિસ્સાઓ કે જેમાં મિલકતનો વિલંબથી કબજો આપવા બદલ બિલ્ડર પાસેથી વ્યાજ કે રીફંડ માગવું, દસ્તાવેજ કરી આપવાની દાદ કે એવો જનરલ કેસો હોય તે એડજ્યુડીકેટીંગ ઓથોટીરીના સ્તરેથી જ નિકાલ લાવવાનો પ્રયાસ કરાશે.

બીજા અન્ય કિસ્સાઓ કે જેમાં પક્ષકારો હાજર નથી થતા, જવાબો રજૂ નથી રજૂ કરતા કે પછી તેમના સરનામા નથી મળી આવતા હોય અથવા કેસની નોટીસ સાથે જ તેઓને કેસ પાછો ખેંચી લેવો હોય તો તેવા કેસો બેન્ચ સમક્ષ મુકતા પહેલા જ નિકાલ કરવામાં આવશે. આથી બેન્ચનું કામનું ભારણ ઘટશે અને ગંભીર કેસો પરત્વે ધ્યાન આપી શકશે.

સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, નાના-મોટા અને બીન ગંભીર કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાન થાય તે રેરા ઓથોરિટીનો ધ્યેય છે. આથી પ્રી હીયરીંગના તબક્કે જ સમાધાન થાય તો પણ કેસોનો નિકાલ ઝડપથી થાય અને લોકોને ન્યાય મળ્યાની લાગણી થશે.

Digital India
Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC
e-Governance Services India Limited
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફલેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
email : esuvidhakendra17@gmail.com
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીંગ સર્વિસ

## વિદ્યાર્થીઓના માથેથી સરકાર ઉતારશે 'ભાર',

# સ્કુલ બેગ વગર વિદ્યાર્થી મેળવશે પ્રેક્ટિકલ જ્ઞાન

### શનિવારનાં દિવસે બેગ વગર જવાનું રહેશે : સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યો પરિપત્ર

પ્રાથમિક શાળાના બાળકો ૧ વર્ષમાં ૨૦ દિવસ સુધી બેગ લીધા વગર સ્કુલોમાં જશે, સરકારે પરિપત્ર બહાર પાડ્યો છે. એકબાજુ કુપોષણ સામે અભિયાન અને પરિપત્રમાં જણાવાયુ કે, બાળકોની મેદસ્વીતા ઘટાડાવો. ભાર વગરના ભણતરના સૂત્રને હવે સરકાર સાકાર કરવા જઈ રહી છે. જે મુજબ, ૨૦૨૦ની નવી શિક્ષણ નીતિ અંતર્ગત પ્રાથમિક શાળાના બાળકોને એક સત્ર દરમિયાન ૧૦ દિવસ સુધી સ્કુલબેગ લીધા વગર બોલાવવાના રહેશે. સરકારી, ગ્રાન્ટેડ અને બિન અનુદાનિત શાળાઓનાં ધોરણ ૧ થી ૮નાં બાળકોના મનોશારીરિક વિકાસ તેમજ રમત-ગમત, યોગ, સૂર્યનમસ્કાર, ચિત્ર, સંગીત વગેરે બાબતોનો સમાવેશ કરવા માટે તેમજ બેગલેસ ડે અને આનંદદાવી શનિવારની પ્રવૃત્તિઓ કરવા બાબતે સરકાર હવે સજાગ બની છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તાબા હેઠળ આવતા જીસીઈઆરટી-ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા આજે આ સંદર્ભમાં એક પરિપત્ર બહાર પડાયો છે. તેમજ ચાલુ શૈક્ષણિક સત્રથી જ તેનો અમલ કરી દેવા માટે ગુજરાતની તમામ શાળાઓને મોકલી અપાયો છે. પરિપત્રમાં જણાવાયુ છે કે, નવી શિક્ષણ નીતિ હેઠળ બાળકો કૌશલ્યવાન અને દરેક બાબતમાં નિપુણતા કેળવે તે માટે તેઓને પ્રેકટીકલ જ્ઞાન આપવુ જરૂરી છે. ઉપરાંત ગાણિતિક રમતો,કોયડા,યોગ,સ્પોર્ટ્સ,શૈક્ષણિક રમતો,સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરને પણ પ્રાધાન્ય આપવુ. આ બધી પ્રવૃતિઓ માટે એક સત્રમાં કુલ ૧૦ દિવસ સુધી તમામ બાળકોને સ્કુલબેગ લીધા વગર બોલાવવાના રહેશે. ખાસ કરીને ચારે શનિવાર અને બાકીના દિવસો શાળાઓએ સેટ કરીને બાળકોને શાળામાં બોલાવીને વિવિધ પ્રોજેક્ટ વર્ક કરાવવાનુ રહેશે. જેમાં કમ્પ્યુટર, ચિત્રકામ, સંગીત, વ્યાયામ, સંગીત, માટીકામ વગેરે જેવા પ્રેકટીકલ કામ કરાવવાના રહેશે.આશ્ચર્યની વાત એ છે કે, શાળાઓને મોકલી અપાયેલા પરિપત્રનો અમલ કોણ અને ક્યારથી થશે તેની જવાબદારી કોની તે અંગેની કોઈ જ સ્પષ્ટતા કરાઈ નથી. ઉપરાતં અન્ય બેથી ત્રણ મુદ્દાએ પણ વિવાદ જગાડ્યો છે. બાળકોને ભાર વગરના ભણતરની વાતો છેલ્લા ઘણા વર્ષોથી થઈ રહી છે. નાના બાળકોને એટલા બધા પુસ્તકો અને નોટબુકો સહીતની સામગ્રી અપાઈ રહી છે કે ઢગલાબંધ બાળકો તો સ્કુલબેગ પણ ઉંચકી શકતા નથી. કેટલાય બાળકોને અત્યારથી જ કમરના દુખાવાનો ભોગ બન્યા છે. એટલુ જ નહી, સરકારના સર્વ શિક્ષા અભિયાન દ્વારા વર્ષ દરમિયાન ૮૦થી વધુ પ્રકારનુ જાતજાતનુ મટીરીયલ અપાતુ હોય છે. જેમાં વિવિધ પુસ્તકો ઉપરાંત સ્વાધ્યાય પોથી, વર્કબુક, સ્વ અધ્યયન પોથી, સહીતની જાતજાતની સામગ્રીનો સમાવેશ થાય છે. તેને કારણે પણ તેની સ્કુલબેગનુ વજન વધી જાય છે. શિક્ષણ સાથે સંકળાયેલા સૂત્રો જણાવે છે કે, જીસીઈઆરટીએ પરિપત્ર તો કરી દીધો પણ તેનો કઈ શાળા કેટલા અમલ કરે છે તેની કોઈને ખબર નથી. ઉપરાંત જીસીઈઆરટી દ્વારા શાળાઓ માટે વારંવાર આ પ્રકારના પરિપત્રો થતા હોય છે પરંતુ કોઈ શાળામાં તેનો ખાસ કોઈ અમલ થતો હોતો નથી. એટલુ જ નહી, પરિપત્ર મુજબ કેટલી અમલવારી થઈ તેનુ મોનિટરીંગ કરવા માટેની પણ કોઈ જ વ્યવસ્થા નથી. સૂત્રો જણાવે છે કે, એકબાજુ સરકાર પ્રાથમિક શાળાઓમાં કુપોષણને દૂર કરવાનુ અભિયાન ચલાવી રહી છે તો બીજી બાજુ આ પરિપત્રમાં જણાવાયુ છે કે, બાળકોને મેદસ્વીતાથી દૂર રાખવા. આ પરિપત્ર તૈયાર કરવામાં અધિકારીઓએ બુધ્ધિનો યોગ્ય રીતે ઉપયોગ કર્યો નથી. મનમાં આવે તેવા નિયમો ઘૂસાડી દીધા છે. પૂરતા શિક્ષકો નથી, શિક્ષકોનો અન્ય કામોમાં ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે. શિક્ષણના તજજ્ઞો કહે છે કે, જો ચોક્કસ ગાઈડલાઈનો સાથેનો પરિપત્ર કરાયો હોત તો તેનો અમલ કરવાનુ શક્ય બન્યુ હોત. અધિકારીઓ માત્ર પરિપત્ર કરીને પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી રહ્યા છે.

## જાહેરમાં મટિરીયલ મૂકનારા સામે મ્યુનિ.એ પગલાં લેવાં જોઈએ

અમદાવાદ : ઉજાલા સર્કલ પાસે વ્રજધામ રોડ પર બાલા હનુમાનજીનું મંદીર છે. ત્યાંથી વ્રજધામ સૌમ્ય રેસીડેન્સી વિનાયકા હોમ્સ ખોડીયારનગર શાંતીનગર અને બીજી અન્ય સોસાયટી તેમજ ગોડાઉનમાં જવાનો મુખ્ય રસ્તો છે. અહી ચોમાસા પહેલાં ૨૫થી૩૦ ફૂટ ઉડાણમાં ગટર કામ માટે ખાડો કરવામાં આવ્યો હતો. સ્થાનીક લોકોએ કામગીરી કરનારાને ચોમાસા પહેલાં યોગ્ય રીતે પુરાણ કરવા કહ્યું હતું. જોકે, અહી કોઈ પુરાણ કરવામાં નથી આવ્યું. આખો રોડ ખોદી નાખ્યો છે. કોન્ટ્રાકટરે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનનો ચેતવણી બોર્ડ લગાવી દીધો છે. આ રોડ પર દરરોજ વાહનચાલકો ફસાઈ જતા હોય છે. કોન્ટ્રાકટર રસ્તા ઉપર જ ડ્રેનેજની પાઈપો અને મટીરીયલ રસ્તા પર મુકી દીધા છે. આવા કોન્ટ્રાકટરોના કારણે સ્થાનીકોને ભોગવવાનું આવે છે. તેથી લોકોને મુશ્કેલી ના પડે તેના માટે જાહેર રસ્તા પર મટીરીયલ મુકનારા કોન્ટ્રાકટરો વિરૂધ્ધ કડક પગલાં લેવામાં આવે. જેથી સ્થાનીકોને સમસ્યા ના સર્જાય.


સુરતી ધુપ પુજાપા ભંડાર

લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર

સ્પેશીયલ N.R.I કલેકશન

દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે


દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે

● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે

દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે

લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ

M: 9978274760


મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.